મોડાસામાં સીપીએમ દ્વારા શ્રમજીવી વિરોધી નીતિ સામે રેલી અને દેખાવો

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ જાદવના નેતૃત્વ હેઠળ શુક્રવારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અસંગીઠત શ્રમજીવીઓ તેમજ સંસ્થાઓમાં કામ કરનાર કામદારોને લઘુત્તમ વેતન આપવા કામદાર કાયદાઓમાં ફેરફાર બંધ કરવા, કામદારોને ૩ હજાર પેન્શન, જમીન અધીગ્રહણ બીલ રદ કરવા, ફાઈનાન્સીયલ સેક્ટરમાં વિદેશી મૂડી રોકાણ બંધ કરવા સહિત અનેક માંગ સાથે મોડાસા માર્કેટયાર્ડથી ચાર રસ્તા સુધી રેલી યોજી ચાર રસ્તા ટાઉનહોલ નજીક ધરણા સ્વરૂપમાં ફેરવાઈ હતી અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરી દેખાવો કર્યા હતા અને સંયુક્ત ૧૦ ટ્રેડ યુનિયનની એક દિવસીય હડતાળને સમર્થન આપ્યુ હતુ.

પાલનપુરમાં આંગણવાડી બહેનોની અટકાયત બાદ પોલીસે રીક્ષાનો સહારો લેવો પડ્યો

હજારોની સંખ્યામાં આવેલી મહિલા કાર્યકરો પર મારપીટ કરી હોવાનો પોલીસ પર આક્ષેપ

પાલનપુર, તા. ૨

માનદ વેતન નહિ પણ સરકારી વેતન આપો તેવી માંગ સાથે હજારો ની સંખ્યા ઉમટેલી આંગણવાડી ની બહેનોએ જિલ્લા મથક પાલનપુર માં રેલી પ્રસ્થાન કરે તે પૂર્વે પોલીસે આંગણવાડી કાર્યકરો ની અટકાયત કરાઈ હતી જો કે ૧૫૦૦ થી વધુ આંગણવાડી ની બહેનો હોવાથી પોલીસે રીક્ષા નો સહારો લેવો પડ્યો હતો જેથી પોલીસ અને આંગણવાડી કાર્યકરો વચ્ચે ધક્કા મુક્કી જેવો માહોલ સર્જાયો હતો અટકાયત બાદ તમામ આંગણવાડી કાર્યકરો ને જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ખસેડવામાં આવી હતી પાલનપુર સિવિલ હોસ્પિટલ થી આજે પાલનપુર માં ૩ જિલ્લા ની આંગણવાડી ની બહેનો દ્વારા સરકારી વેતન ધારા સહીત ની ૧૬ માંગો સાથે રેલી કરી જિલ્લા કલેકટર ને આવેદન આપવાનું આયોજન કરાયું હતું જો કે રેલી ની મંજૂરી નહિ હોવાના લીધે હજારો ની સંખ્યા માં ઉમટેલી આંગણવાડી ની બહેનો ની અટકાયત સમય પોલીસ પણ ફોફે ચઢી ગઈ હતી મીડિયા સાથે વાતચીત માં આંગણવાડી ની બહેનો એ રોષ પ્રગટ કરતા જણાવ્યું હતું કે પોલીસે આમારી સાથે મારપીટ કરી છે તેનો બદલો આવનારી ચૂંટણીમાં લઈશુ.

અરવલ્લીના ૫૦થી વધુ ગામોમાં મગફળીના પાકમાં સુકારાનો ઉપદ્રવ

અરવલ્લી, તા. ૨

અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ ભારે મેઘવર્ષા કરતા જીલ્લાના ભૂમિપૂત્રોમાં આનંદ છવાયો હતો અને બમ્પર ઉત્પાદન ખેત પેદાશમાં મળવાની આશા બંધાઈ હતી. જિલ્લામાં સારો વરસાદ છતાં ખેડૂતો પાયમાલ થઈ રહ્યાની હકીકત સામે આવી છે. અરવલ્લી જિલ્લાના ૫૦થી વધુ ગામડાઓમાં તેમજ દધાલિયા (ઉમેદપુર) ગામે ભૂમિપુત્રોએ ચાલુ ખરીફ સીઝનમાં હજારો હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર કર્યુ હતુ. પણ મગફળાના પાકમાં ફૂગ-સફેદ ઈયળના રોગ તથા સુકારાના રોગ વ્યાપક પ્રમાણમાં હોવાથી મગફળીના પાકને વ્યાપક નુકશાન થતા ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે.

અરવલ્લી જિલ્લામાં ખેતી કરી હતી. ઓગષ્ટના આરંભથી ખરીફ ખેતીને જીવતદાન આપનારો વરસાદ વરસતા ધરતીપુત્રો મલકાઈ ઉઠ્યા હતા અને મબલખ ઉત્પાદનની આશા રાખીને બેઠા હતા. પરંતુ છેલ્લા સપ્તાહથી દધાલિયા (ઉમેદપુર) સહિત ૫૦થી વધુ ગામડાઓના ભૂમિપુત્રોની માઠી દશા બેઠી હોય તેમ મગફળીની ખેતી એકાએક પીળી પડતા ખેડૂતો ચોકી ઉઠ્યા હતા. ખેતરોમાં છોડની તપાસ કરતા મગફળીના પાકમાં ફૂગ સફેદ ઈયળ, પીળી ઈયળ તથા સુકારાના રોગને લીધે મગફળીના છોડ મૃતપ્રાય થતા મગફળીનો પાક નિષ્ફળ ગયો હતો. દધાલિયા(ઉમેદપુર) ગામના ખેડૂતોએ તો સુકારાના રોગથી કંટાળી મોંઘી દવાઓના છંટકાવના બદલે રોટાવેટર ફેરવી દેવાનુ મુનાસીબ માન્યુ હતુ. મગફળીના પાકમાં રોગ અને ઈયળોથી નુકશાન વેઠવાનો વારો આવતા જે ખેડૂતોએ પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના અંતર્ગત પાક વીમાનું પ્રીમીયમ ભર્યું છે તેવા ખેડૂતોને પાક વીમ આપવા ખેડૂતોમાં પ્રબળ માંગ ઉઠી છે.

ડીસા રાજપુરના માર્ગ પર જાહેરમાં ફેકાતા મટનના વેસ્ટથી રોગચાળાની ભીતિ

ડીસા, તા. ૨

ડીસા શહેરના મીરા મહોલ્લાથી રાજપુર તરફ જવાના રોડની બાજુમાં જ જાહેર જગ્યામાં છે મિડીયાના માધ્યમથી અવાર નવાર તંત્રનું ધ્યાન દોરવાના પ્રયાસો થયા છે. જાહેરમાં ફેંકાતા મટનના ટુકડા, હાડકા અને મરઘીના પીંછાઓને કારણે અહીં નિકળતાં જ ભયંકર ગંદકી આવી રહી છે. સતત કુતરા અને ભુંડોની કીકીયારીઓ સાંભળવા મળે છે. જૈનોના પવિત્ર પર્વ પર્યુષણ નિમિત્તે સરકાર દ્વારા કતલખાના અને મટનની દુકાનો બંધ રાખવા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ હોવા છતાં અહીં જાહેરનામાનો ભંગ કરી ખુલ્લેઆમ કતલખાના ધમધમી રહ્યા છે એટલું જ નહીં કસાઈઓ કતલખાના અને મટનનો વેસ્ટ જાહેર ખુલ્લા જગ્યામાં નાસી લોકોની લાગણી દુભાવી રહ્યા છે.

પારાવાર ગંદકીને કારણે આસપાસના વિસ્તારોમાં અવાર - નવાર રોગચાળો ફાટી નીકળે છે આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ પણ ન હોવાથી રાત્રીના સમયે પસાર થવુ મુશ્કેલી બની રહ્યુ હોવાની રહીશો જણાવી રહ્યા છે સામ્રાજ્યને અટકાવવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

બનાસકાંઠાના ભાભરમાં પોલીસ અને અસામાજિક તત્વો વચ્ચે પથ્થરમારો

૩ પોલીસ જવાનો સહીત ૪ વાહનોના કાચ તોડ્યા : ટીયરગેસના ૧૫ સેલ છોડી પરિસ્થિતિને કાબુ લેવાઈ : પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

ભાભર, તા. ૨

ગત રોજ બનાસકાંઠા જિલ્લાના ભાભર પોલીસ મથકના હેડ કોનસ્ટેબલ નાગજીજી ઠાકોરે રાજકીય તેમજ સ્થાનિક બુટલેગરો ના ત્રાસ થી આત્મહત્યા કરતા આજે બનાસકાંઠા જિલ્લાના ૫ તાલુકાઓમાં બુટલેગરો તેમજ ભ્રષ્ટ અધિકારીઓ ના પૂતળાદહન કરવામાં આવ્યા હતા.જો કે આજે ભાભર માં પોલીસ અને ઠાકોર સમાજ વચ્ચે ઘર્ષણ સર્જાતા ૧૫ ટિયરગેસ ના સેલ છોડાયા બાદ પરિસ્થિતિ કાબુ માં આવી હતી.એક તરફ પોલી કારમી ઓ પર પથ્થરમારા બાદ માહોલ ગરમાયો હતો જેના પગલે પોલીસે ટિયરગેસ ના સેલ છોડી મામલો કાબુ માં કર્યો હતો જો કે આજે ભાભર માં થયેલી ધમાલ માં ૪ વાહનો ના કાચ તોડી નાખ્યા હતા તેમજ ૩ પોલીસ જવાનો પણ ઘાયલ થયા હતા ત્યારે ઠાકોર સેના ના જિલ્લા પ્રમુખે તમામ દોષ નો ટોપલો અસામાજિક તત્વો પર નાખતા પોલીસ સામે ઠોસ કામગીરી ની માંગ કરી હતી તેમજ અસામાજિક તત્વો સામે પણ કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

પ્રાંતિજના બાલીસણા ગામે પાણીના લેવાયેલા સેમ્પલ પીવા લાયક આવતા ગ્રામજનોમાં ખુશી

નવીન બોરનું પાણી પીવાલાયક નથી તેવી અફવાઓ પર પૂર્ણ વિરામ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે છેલ્લા કેટલાય દિવસથી પીવાના પાણીને લઈને ચાલી રહેલ અફવાઓને લઈને લેવાયેલા પાણીના સેમ્પલમાં પાણી પીવાલાયક આવતા ગ્રામજનોમાં ખુશી જોવા મળી.

પ્રાંતિજના બાલીસણા ગામે પંચાયત દ્વારા પનુવાસમાં બનાવવામાં આવેલ બોરનું પાણી પીવાલાયક ના હોવાની અફવાઓએ ગામમાં જોર પકડ્યું હતું અને જે ને લઈને ગ્રામજનોમાં પીવાના પાણીને લઈને દહેશત જોવા મળી હતી ત્યારે બાલીસણા ગામના સરપંચ ચૌહાણ ભલસિંહ કેસરીસિંહ તથા પંચાયત દ્વારા આ અંગેની જાણ બાલીસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કરવામાં આવી હતી. જે થી આરોગ્ય વિભાગની ટીમ દ્વારા નવો બનાવાયેલ બોર તથા ગામમાં આવેલ બીજા બોરના પણ પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. અને લેબોરેટરી તપાસ બાદ નવા બોરનું અને ગામમાં આવેલ બીજા બોરનું પાણી પીવા લાયક છે જેવું લખાણ આપવામાં આવતાં પંચાયતના સભ્યો સહિત ગ્રામજનોએ હાશકારો લીધો હતો અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ભિલોડામાં ચક્ષુદાન પખવાડીયાની ઉજવણી

અરવલ્લી જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી અને ભિલોડા કોટેજ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ભિલોડામાં ચક્ષુદાન પખવાડીયાની ઉજવણી અને લોકજાગૃતિ કાર્યક્રમ સંદર્ભે રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડા.જયંત ઉપેરીયા જીલ્લા તબીબી અધિકારી,ડા.અમરનાથ વર્મા જીલ્લા આરોગ્ય અધિકારી, ડા.ડી.ડી.ડામોર અધિક્ષક કોટેજ હોસ્પિટલ ભિલોડા, ડા. એન.જે. સથવારા પ્રોગ્રામ ઓફીસર જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ડા.એ.જે.વૈષ્ણવ બ્લોક હેલ્થ ઓફીસર ભિલોડા સહિત અગ્રણી આગેવાનો, સમાજીક કાર્યકરોની ઉપસ્થિતીમાં દ્રષ્ટી સૌને માટે અભિયાન કાર્યક્રમ અંતર્ગત ચક્ષુદાન મહાદાન કાર્યક્રમ દરમ્યાન ભિલોડા કોટેજ હોસ્પિટલમાંથી લોકજાગૃતિ સંદર્ભે વાજતે-ગાજતે બેન્ડવાજાની શુરાવલી વચ્ચે રેલી નીકળી હતી.

પોગલુ અને ફતેપુરામાં અમૃત પેય કેમ્પ યોજાયો

શાળાના બાળકો સહિત ગ્રામજનોએ આયુર્વેદિક ઉકાળો પીધો : પોગલુમાં ૬૦૦ અને ફતેપુરામાં ૪૫૦ વ્યક્તિઓએ ઉકાળો પીધો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે જાયન્ટસ ગૃપ પ્રાંતિજ પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પોગલુ પ્રાથમિક શાળામાં અને ફતેપુરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ વર્ષાઋતુ દરમ્યાન થતા રોગો તાવ, સરદી, ઝાડા, પેટમાં દુઃખાવો, સાંધાનો દુઃખાવા જેવા રોગો સામે

પ્રાંતિજના પોગલુ ખાતે જાયન્ટસ ગૃપ પ્રાંતિજ અને પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ફતેપુરા ખાતે પણ ફતેપુરા પ્રાથમિક આરોગ્ય રોગ પ્રતિકારક શક્તિ વધારવા 'અમૃત પેય' ઉકાળો બનાવી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોગલુ ખાતે શાળાના બાળકો અને ગ્રામજનો સહિત ૬૦૦ લોકોએ અને ફતેપુરામાં ૪૫૦ લોકોએ લાભ લીધો હતો. જ્યારે આ કેમ્પને સફળ બનાવવા માટે સુનીલદાસ મહારાજ, ડૉ. નિશાત શાહ, ડૉ. રચના પંડ્યા, ડૉ. કૌશિક શાહ તથા શાળાના શિક્ષકો સહિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. જેમાં બન્ને ગામોમાંથી કુલ ૧૦૫૦ જેટલા લોકોએ અમૃત પેય (ઉકાળા)નો લાભ લીધો હતો. જ્યારે પોગલુ પ્રાથમિક આરોગ્યે કેન્દ્રમાં આયુર્વેદિક વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કોન્ટ્રાક્ટરો સામે પગલાં ભરવાની માંગ

થરાદની ચારડા નહેર બની ત્યારથી સાત વખત તુટતાં અને ત્રણ વર્ષથી પાણી નહી મળતાં રોષે ભરાયેલા ખેડૂત અને તેમના પ્રતિનિધીઓએ હલકી ગુણવત્તાના કામો કરનાર જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે પગલાં ભરવા માગણી કરી હતી. કાર્યપાલક ઈજનેરે નહેર ઓવરફલો થવાના કારણે તૂટતી હોવાનું જણાવી અને તપાસ અને પગલાં ભરવાનો વિભાગ જુદો હોવાનું જણાવતાં ખેડૂતોએ પણ ઓવરફલોના કારણે નહી પણ રસ્તાઓ ક્રોસ કરતા હોય ત્યાં બનાવેલા ભુગર્ભ કૂવાઓની નબળી કામગીરી જવાબદાર હોવાની રજૂઆતો કરી હતી.

સરકારની જનતા વિરોધી નીતિઓના વિરોધમાં અગ્રણી ટ્રેડ યુનિયનોએ આજે દેશવ્યાપી હડતાળ પાડી છે જેને લઈને જિલ્લા મથક પાલનપુરમાં બેંકના કર્મચારીઓ ના હડતાલ ના પગલે લાખો ના ચેકનું ક્લીયરિંગ અટકી ગયું હતું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે એસોસિએટ બેંકોના મર્જરનો વિરોધ, શ્રમ સુધારાના નામે કામદાર વિરોધી નીતિ, બેંકિંગ ક્ષેત્રે સુધારા, કોર્પોરેટ ડિફોલ્ટરો દ્વારા પ્રજાના નાણાંની થતી લૂંટ, બેંક લોનના વિલફુલ ડિફોલ્ટને ક્રિમિનલ ગુનો જાહેર કરવા, વગેરે સહિતના પ્રશ્નો અને માંગણીઓના ટેકામાં કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા.